Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ વૈશાખ

જબ લગ અનુભવ જ્ઞાન, ઘટમેં પ્રગટ ભયો નહીં,
તબ લગ મન સ્થિર હોત નહીં, છીન જિમ પિપરકો પાનં,
વેદ ભણ્યો પણ ભેદ વિના શક, પોથી પોથી જાણરે,
રસ ભજનમેં રહત દર્વી નીત, નહિ તસ રસ પહિચાન,
તિમ શ્રુતપાઠી પંડિતકું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે,
સાર લહ્યા વિન ભાર કહ્યો શ્રુત, ખર દૃષ્ટાંત પ્રમાણ,
ચિદાનંદ અધ્યાત્મ શૈલી, સમજ પરત એક તાન રે,

પ. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મ સા.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૦ ] મે : ૧૯૮૩ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી વાસુ પૂજ્ય જિનસ્તવન | અમરચંદ માવજી શાહ | ૧૧૭ |
| ૨ | ચઉ ગતિ જીવ ક્ષમાપના | આ. દેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. | ૧૧૮ |
| ૩ | આત્માનો કુટુંબ પરિવાર કયો ? | રતિલાલ માણેકચંદ શાહ | ૧૨૦ |
| ૪ | "હુતાશિની" ની કથા | વિજયલક્ષ્મી સૂરી. સા. | ૧૧૩ |
| ૫ | ઉણોદરી તપ અને તંદુરસ્તી | અમરચંદ માવજી શાહ | ૧૨૬ |
| ૬ | અમીરાતના ઇજારદાર બે તરુણો | અનુ. પી. આર. સલોત. | ૧૨૮ |
| ૭ | લલિતાંગ દેવ | | ૧૩૧ |
| ૮ | શાંત સુધારસ | રચયિતા : ઉપા. શ્રી વિનયવિજયજી મ. | ૧૩૪ |
| ૯ | વીરવંદન સ્તવન | રચયિતા : અમરચંદ માવજી શાહ | ૧૩૬ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશય

## (૧) શ્રી સેવંતિલાલ કાન્તીલાલ ઝવેરી મુંબઈ

## (૨) શ્રી પ્રાણલાલ ટી–દલાલ મુંબઈ

## આ સભાના નવા આજીવન સભ્યો

## (૧) શ્રી દીનકરરાય–વૃજલાલ શાહ (જેસરવાળા) ભાવનગર

## (૨) શ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી ભાવનગર

શ્રી આત્માનંદ સભાના ખજાનચી તરીકે **શ્રીમાન ચીમનલાલ વર્ધમાન શાહ** ચૂંટાયા છે.

શ્રી આત્માનંદ સભા

## પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ સાહેબનો જન્મદિન મહોત્સવ

પરમ પૂજ્ય શ્રી આત્મારામજી ( આચાર્યશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ) મહારાજ સાહેબનો ૧૪૭ મો જન્મદિન આ સભા તરફથી સંવત ૨૦૩૯ ના ચૈત્ર શુદ ૧ તા. ૧૪–૩–૧૯૮૪ ને ગુરૂવારના રોજ રાંધનપુરનિવાસી શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઇના સહકારથી આ સભા તરફથી ઉજવવાનો હોવથી દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચલજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં આત્મારામજી મહારાજ સાહેબની પ્રતિમા બિરાજમાન છે. ત્યાં નવાંણું પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. તથા તીર્થયાત્રા કરવામાં આવી હતી શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઈ અને શેઠશ્રી કપુરચંદ હરીચંદ માસીસવાળા તથા તેમના ધર્મપત્ની અ. સ. અનોપબેન અને શેઠશ્રી વૃજલાલ ભીખાભાઇ તથા શેઠશ્રી નાનચંદ તારાચંદ તરફથી ગુરુભક્તિ તેમ જ સ્વામિભક્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદોએ પધારી આનંદપૂર્વક ભાગ લીધો હતો અનેપૂ૦ સાધુ સાધ્વીજી મહારાજ સાહેબોની ભક્તિનો પણ સારો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦] વિ. સં. ૨૦૩૯ વૈશાખ : મે-૧૯૮૩ [અંક : ૭

## શ્રી વાસુપૂજ્ય જિનસ્તવન

( રાગ : એકરે દિવસ એવો આવશે.... )

મેં જોયુ દિલની અટારીયે, વાસુપૂજ્ય દેખાયા.
જગમગતા એ સૂર્યના, પ્રગટ કીરણુ ફેલાયા.
મેં જોયું-૧

જ્યોતિ પ્રગટી અંતરે, આત્મ કમળ વિકસાવ્યા,
ચેતન ભ્રમર ૐ ૐ કરે અંતરનાદ જગાવ્યા.
મેં જોયું-૨

અમૃત રસના પાનથી, આનંદ રસ છલકાયા,
શાંતિ સરોવરને તીરે, જ્ઞાતામૃત રેલાયા.
મેં જોયું-૩

સૌરભ પ્રસરી પ્રેમની, સમભાવ ફેલાયા,
તુંહી ! તુંહી ! ના નાદથી સોહં ધ્યાન લગાયા.
મેં જોયું-૪

અહૂઁ અહૂઁ ધ્યાનથી, વાસુપૂજ્ય મેં ભાળ્યા,
'અમર' ચિદાનંદમાં, સત્ દર્શન પામ્યા.
મેં જોયું-૫

રચયિતા : અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચઉ ગતિ જીવ ક્ષમાપના

રચયિતા : **અચલગચ્છાધિપતિ આ. દેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

( રાગ : મંદિર છો મુક્તિતણાં–દેશી )

સદ્ભાગી છું ચોર્યાશી લાખ, યોનિ ગહન દુઃખથી ભર્યા,
આ ભવ સમુદ્રમાં મેળવ્યું, જૈન ધર્મ જેથી અનંત તર્યા,
સર્વ જીવયોનિ ખમાવવા, બુદ્ધિ મળી જિન ધર્મથી,
ભવમાં ભટકતા મેં હણ્યા. જીવો ખમાવું પ્રેમથી. ॥ ૧ ॥

ઉત્પન્ન થઇ સાત નરકમાં, પીડયા નરક જીવો ઘણા,
પરસ્પર યુદ્ધાદિ કરી સંતાપ્યા, નિરંતર ન રાખી મણા.
થઇ પરમાધામી નારકોને, કરવતોથી કાપીયા,
છુરી ભાલાદિથી છેદી ભેદી, બહુ ભેદે સંતાપીયા. ॥ ૨ ॥

વૈતરણી યંત્ર કુંભી આદિમાં, નરક જીવ પીડયા બહુ,
એ સર્વને વારંવાર ખમાવું છું, દ્યો ક્ષમા મુજ એ સહુ,
સાત સાત લાખ યોનિ પૃથ્વી અપ, તેઉ વાઉમાં ઉત્પન્ન થઈ,
દશ ચૌદ લાખ, યોનિ વનસ્પતિ, થઈ જીવોને દુઃખ દઈ. ॥ ૩ ॥

સ્વ અન્ય પરસ્પર શસ્ત્રથી, જીવ એકેદ્રિન્ય પીડયા બહુ.
એ સર્વને વારંવાર ખમાવું છું. દ્યો ક્ષમા મુજ એ સહુ,
બે બે લાખ યોનિ બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચોરેન્દ્રિય જીવ પણે થઈ,
ત્યાં અનેક જીવને પીડયા, તે સવી ખમાવું ચિત દઈ. ॥ ૪ ॥

યોનિ ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, થલ થલ ખેચર પણે થઈ,
બહુ જીવ ભક્ષી વિદારી પીડયા, તે સવી ખમાવું ચિત દઈ,
મત્સ્ય મગર માર્જાર શ્વાન સર્પાદિ, સિંહ વાઘ ચિત્રાદિ થઈ,
જીવો છેદી ભેદી ભક્ષી પીડયા, તે સવી ખમાવું ચિત દઈ. ॥ ૫ ॥

બાજ ગીધ બગલા કાક કુર્કર, સારસ ચકલાદિ થઈ.
કૃમી આદિ જીવ ખાઇ પીડિયા, તે સવી ખમાવું ચિત દઈ,
માનવ ભવે થઇ કસાઈ ધીવર શીકારી આદિ હિંસક બહુ,
ભઠ્ઠીકાર ઘાંચી માલી ખેડુત, કુંભાર યાંત્રિક થઇ સહુ. ॥ ૬ ॥

છ કાય જીવો અનંત હણ્યા, તિમ પીડિયા સંતાપ્યા બહુ,
એ સર્વને વારંવાર ખમાવું છું, દ્યો ક્ષમા મુજ એ સહુ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અઢારે પાપસ્થાનક સેવી, જીવ સંતાપ્યા હણ્યા બહુ,
એ સર્વને વારંવાર ખમાવું છું. દ્યો ક્ષમા મુજ એ સહુ. ॥ ૭ ॥

અસત્ય ચોરી મૈથુન પરિગ્રહ, ક્રોધાદિએ પીડયા બહુ,
એ સર્વને વારંવાર ખમાવું છું, દ્યો ક્ષમા મુજ એ સહુ,
દેવ ભવે રાગદ્વેષ ઇર્ષ્યા; કીડાદિએ પીડયા બહુ,
એ સર્વને વારંવાર ખમાવુ છું, દ્યો ક્ષમા મુજ એ સહુ ॥ ૮ ॥

અનાદિ કાળથી આજ લગી મેં, દુહવ્યા જીવો બહુ,
એ સર્વને વારંવાર ખમાવું છું, દ્યો ક્ષમા મુજ એ સહુ,
વોસિરાવું છું સર્વ પાપસ્થાનક, પરિગ્રહાદિ અનાદિના,
મને સર્વ જીવ સહ મૈત્રી હોજો, વૈરે હૃદયે કદાપિના. ॥ ૯ ॥

મુજ સર્વ દુષ્કૃત નિંદીને, સર્વ સુકૃત અનુમોદું બહુ,
સર્વ સિદ્ધિકર મહામંત્ર નવકાર, સદા હું રટતો રહું,
અરિહંત સિદ્ધ મુનિ જૈન ધર્મ એ, ચાર શરણ સદા લહું,
ગૌતમ નીતિ ગુણ સૂરિ કહે, પ્રભુ મુક્તિ દ્યો ત્યાં જઇ રહું. ॥ ૧૦ ॥


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનો કુટુંબ પરિવાર કયો?

લેખક
રતિલાલ માણેકલાલ શાહ

જીવને દ્રવ્યે કુટુંબ અને ભાવ કુટુંબ રૂપે બે પ્રકારે કુટુંબ હોય છે, તેમાંથી દ્રવ્ય કુટુંબ પશુને તથા માનવને પણ હોય છે, પશુઓને જ્યાં સુધી સ્તનપાનનો સમય હોય છે ત્યાં સુધી જ માતા પ્રત્યે પ્રેમ હોય છે અને તે કાળ પતી ગયા પછી કુટુંબ વ્યવસ્થા પશુઓમાં તથા પક્ષીઓમાં સમાપ્ત થાય છે, ત્યારે જ તો આજનો વાછરડો કાલે સાંઢરૂપમાં આવ્યા પછી પોતાની માતા (Mother) સાથે વ્યભિચારનું સેવન કરી શકે છે. પરંતુ માનવને માટે સર્વશ્રેષ્ઠ માનવતા (માનવધર્મ) ની લક્ષ્મણ રેખા વચ્ચે આવે છે. તેથી પશુ અને માનવમાં આકાશ અને પાતાલ જેટલું અંતર રહેલું છે તેથી જ માનવ સમાજને માતા પ્રત્યે માતૃત્વધર્મ સ્વપુરુષ પ્રત્યે પત્નીત્વ ધર્મ આદિ ધર્મ્યવ્યવહારો નિર્ણિત થયા છે. યદ્યપિ આ વ્યવહારો અનિત્ય અશાશ્વત અને વિદ્યમાનભવ પૂરતા જ છે. માટે જ આ ભવનો પિતા–માતા–પત્ની–પુત્ર કે પતિ આવતા ભવનો પિતા નથી, માતા નથી પત્ની નથી પુત્ર નથી કે પતિ નથી. આ સત્ય હકીકત હોવા છતાં પણ માનવ જીવનમાં જ્યાં સુધી મિથ્યાત્વનું જોર વધારે હોય છે. ત્યાં સુધી જીન્દગીના છેલ્લા સમય સુધી પણ તેને કુટુંબની માયા હોય છે. પરંતુ સમ્યક્ત્વની શ્રેણી પ્રાપ્ત થયા પછી તે માયા ઓછી થાય છે અને જીવાત્માને ભાવકુટુંબ સાથે સંબંધ જોડાય છે. તે કુટુંબ કેવું હશે? તેની રૂપરેખા નીચે પ્રમાણે જાણવી

**સમ્યગ્દૃષ્ટિ આત્માનો પરિવાર :–**

(૧) ઉદાસીનતા– આત્માને સુરક્ષિત રહેવા માટેનું ઘર છે જેના પ્રતાપે બાહ્ય ઘર સંસારમાં રહેવા છતાં પણ તે આત્મામાં નિર્લેપતાનો વાસ થાય છે. કહ્યું પણ છે કે :–

'સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ,
હૈયાથી અલગો રહે, જ્યું ધાવ ખેલાવત બાળ'

હોસ્પીટલની નર્સ તત્કાળના જન્મેલા બચ્ચાને રમાડે, સ્નાન કરાવે અને અવસર આવ્યે સ્તનપાન પણ કરાવે. તો પણ અંદરથી સમજે છે કે બાલુડો મારો નથી તેવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી જીવાત્માને સંસારમાં રહેવા છતાં પણ તેના પ્રત્યે માયા હોતી નથી.

(૨) વિરતિ–આત્માની માતા (Mother) છે જેના કારણે સીમાતીત ભોગોનો. તથા ભોગ-વિલાસોનો સ્વામી હોવા છતાં પણ સાધકના આન્તર જીવનમા ત્યાગધર્મ પ્રત્યે રુચિ બની રહે છે.

(૩) યોગાભ્યાસ–આત્માનો પિતા છે જેથી ભોગ્ય તથા ઉપભોગ્ય પદાર્થોમાં સંયમ પૂર્વક યોગી જીવનનો અભ્યાસ કરવાનો ભાવ થાય છે.

(૪) સમતારૂપી ધાવ માતાની ગોદમાં રમતો આત્મા પારકાના દોષો; પાપો, અપરાધો, જોઈને કે સાંભળીને પણ પોતાના આન્તર જીવનમાં ક્રોધ, રોષ, ઇર્ષ્યા કે નિંદા આદિ વિકૃતિઓનો પ્રવેશ થવા દેતો નથી.

(૫) વિરાગતા–આત્માની બ્હેન રૂપે બનવા પામે છે ત્યારે આના સહવાસમાં મન-ગમતાં પદાર્થો પ્રત્યે પણ વિરાગતા એટલે રાગરહિત જીવન દશાની પ્રાપ્તિ થાય છે.

(૬) વિનય–આત્માનો બંધુ બને છે, ત્યારે અસદ્ માર્ગોનો ત્યાગ તથા સદાચાર સત્ય પ્રમાણિકતા અને સૌ જીવો સાથે મૈત્રી ભાવનો વધારો થાય છે.

(૭) વિવેક–આત્માનો પુત્ર બને છે. વ્યવહારમાં પણ સુપાત્ર પુત્ર વૃદ્ધાવસ્થામાં આવેલા પિતાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે આંખનો તારો બને છે; તેમ વિવેકગુણ પણ જીવાત્માને માટે અન્તશ્ચક્ષુ (દિવ્યચક્ષુ) છે જેનાથી અનાદિ કાળની કુટેવો પાપ ભાવનાઓ ગંદી ચેષ્ટાઓ આદિનો અંત થાય છે અને દિવ્ય જ્ઞાન તરફ આત્માનું પ્રસ્થાન સુલભ બને છે

(૮) સમ્યક્ત્વ-જીવાત્માને માટે અક્ષય ભંડાર જેવું છે, જેના પ્રતાપે આત્માની શક્તિઓનો વિકાસ થાય છે, ત્યારે કષાય નામનો લુંટારો, કામદેવ નામનો ગુંડો તથા રાગ-દ્વેષ આદિની શક્તિ સમયે સમયે ઘસાતી જાય છે.

(૯) તપ-અશ્વરૂપે બને છે, જેના પર સવારી કરેલો આત્મા ઇન્દ્રિયોના તથા મનના મહાવેગને કમજોર કરવામાં સમર્થ બનવા પામે છે.

(૧૦) પવિત્ર ભાવના-આધ્યાત્મિક જીવન માટે બખતર કવચ) રૂપે સહાયક બને છે. જેને લઈને માનવીની ગંદી ભાવનાઓ વિદાય લે છે.

૧૧) સંતોષ-જ્યારે સેનાપતિના પદે બિરાજમાન થય છે, ત્યારે આત્મારૂપી મહારાજા નિશ્ચિત અવસ્થા ભોગવવાને માટે લાયકાતવાળા બનવા પામે છે.

૧૨) સમ્યગ્જ્ઞાન-આત્માને અમૃતના ભોજન જેવુ છે જે ભોજનીયા એક જ વાર કરવામાં આવે તો અનાદિકાળના વૈકારિક, તામસિક, રાજસિક આદિભાવો નાશ પામ્યા વિના રહેતા નથી.

(૧૩) સુમતિ-આત્માની પટ્ટરાણીના સ્થાનને જ્યારે શોભાવે છે ત્યારે જ આત્માને અનુપમ, અદ્વિતીય અનુભવજ્ઞાન સુલભ બનવા પામે છે, તે આ પ્રમાણે

કાયા કાચની બંગડી જેવી છે.
ભોગવિલાસે નાગદેવના ફણા જેવા ભયંકર
છે શ્રીમંતાઇ વિજળીના ચમકારા જેવી
ક્ષણિક છે. સત્તા હાથીના કાન જેવી ચંચળ છે
અને આયુષ્ય કે પોતાનું જીવન પણ પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે.

આવી રીતના અનુભવજ્ઞાનના પ્રતાપે જ માનવનું શરીર રૂપી રથ, ઇન્દ્રિયે,રૂપી ઘોડા અને મનરૂપી સારથી ઉપર આત્મા નામના શેઠની પ્રભુતા ચિરસ્થાની બને છે, પરિણામે આત્માનું સમ્યક્ચારિત્ર તરફનું પ્રસ્થાન આગળ વધવા પામે છે.

ઉપર પ્રમાણે સમ્યક્ત્વવાળી આત્માનું કુટુંબ હોય છે. જેનાથી નવા પાપોના દરવાજા બંધ થાય છે અને જુના પાપો એક પછી એક ગચ્છન્તી થતા જાય છે.

**મિથ્યાત્વી આત્માનું કુટુંબ :-**

સમ્યગ્દર્શનથી વિપરીત મિથ્યાત્વ મિથ્યાદર્શન છે અને જ્ઞાન-વિપરીત અજ્ઞાન છે. તેનો માલિક મિથ્યાત્વી મિથ્યાદર્શની અને અજ્ઞાની હોય છે, જેની ચર્ચા પહેલાના ભાગોમાં જૂદા જૂદા સ્થળોએ કરાઈ ગઈ છે. આત્મા જ્યારે મિથ્યાત્વ મોહનીય અવસ્થામાં ઝૂલતો હોય છે ત્યારે આત્માની અનંત શક્તિઓને બગાડનાર અનંતાનુ બંધી કષાયોનું જોર વધેલું હોય છે અને મદિરાપાનના નશાબાજની જેમ આત્મા પણ મોહમાયાના પારણામાં ઝૂલતો હોય છે, માયાના ગાઢ બંધનમાં બંધાયેલ હોય છે. તે સમયે તે આત્માનું કુટુંબ કેવું હોય છે? તે જાણવાની સૌ કોઈને જરૂરત હોવાથી ચર્ચા કરી લઈએ. તે આ પ્રમાણે :-

(૧) આસક્તિ-આત્માનું ઘર છે, રહેઠાણ છે. એટલે કે આત્માના એક એક પ્રદેશ પર સંસાર અને સંસારના પ્રત્યેક પદાર્થોની માયાના રંગ પુર્ણરૂપે લાગેલા હોવાથી પરપદાર્થ, પરભાવ અને પરધર્મ (હિંસા-જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહ આ પાંચે પાપ પરધર્મ જ છે) પ્રત્યે આત્માને અત્યંત આસક્તિ હોય છે.

(૨) અવિરતિ-માતા તુલ્ય હોવાથી સંસારના ભોગ્ય તથા ઉપભોગ્ય પદાર્થોના ભોગવટામાં જ જીવન ધન બરબાદ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) ભોગાભ્યાસ–આત્માનો પિતા બનેલો હોવાથી પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોના ભોગ-વટામાં જ આ ભાઈસાબ અખતરાઓ કરવામાંજ જિંદગીના અમૂલ્ય અહોરાતો, મહિનાઓ, અને વર્ષોના વર્ષો પણ સમાપ્ત કરે છે આના પરિણામે સંસારના છકા પંજા રમતા આવડયા પણ લોગસ્સ સૂત્રની ગાથાઓ નથી આવડતી.

ઓટલા કલબમાં બેસીને રાજકથા, દેશકથા, ભોજનકથા અને રંગ રંગીલી સ્ત્રીઓની કથા કરવામાં જીવનને ધૂલધાણી કરવાની કળાઓ આવડી, પણ સામાયિક કરવાનું સૂઝતું નથી.

એક બીજાની પાઘડી એક બીજાને પહેરાવતા આવડી પરંતુ સૌના અપરાધોને માફ કરી મૈત્રી ભાવનાની સાધના કરવામાં ભૂલ ખવાઈ ગઇ.

ધર્મ–સંપ્રદાય કે ગુરુ સંસ્થાના નામ લડયા ઝઘડયા, પરંતુ ભાઈસાબ પોતે ધાર્મિક બની શકયા નથી.

પારકી ચિંતા, પારકી ભાંજગડ તથા કોર્ટ કચેરીઓમાં દેવદુર્લભ મનુષ્યાવતાર સમાપ્ત કર્યો પણ જૈનત્વની સાધના કરી શકયા નથી.

(૪) વિષમતા–આત્માની ધાવમાતાના રૂપમાં હોવાથી, જીવાત્માની પ્રતિક્ષણ પ્રતિક્રિયા–ખાનપાન રહેણી–કરણી–વ્યાપાર–રોજગાર આદિમાં વિષમતા નામની રાક્ષસીની પ્રત્યક્ષ હાજરી હોય છે.

(૫) સરાગતા–આત્માની બહેન બનવા પામશે ત્યારે જ મન અને ઇન્દ્રિયોના ગુલામ બનેલા આત્માને મનગમતા ભોજનીયા, વસ્ત્રાલંકારો, ગુલાબકીનાના અત્તરો, પીવાના ઠંડા પાણી, મુલાયમ વસ્ત્રો, સાંભળવામાં નૃત્યાંગના અને અભિનેત્રીઓના ગાયનો આદિ ક્રિયાઓમાં જ રાગ પ્રવર્તતો હોય છે. પરમાત્માના ચૈત્યવંદન, ભજન તેના કાનમાં કઠોર લાગે છે, ધર્મપત્ની તથા માવડીના હાથે બનેલા ભોજનીયા કડવા લાગે છે, ત્યારે રસ્તા ઉપર ઊભા ઊભા સંધ્યા ટાણે, રાત્રે છેવટે ૧૨ વાગ્યે પણ પાઉભાજી, દહીંવડા, બટાટાવડા છેવટે અમૂક જ હોટલના ઓસામણો પીવાની રાગવૃત્તિ તોફાને ચઢેલી હોય છે.

(૬) અવિનય–આત્માનો ભાઈ બને છે માટે જ આત્માના હાડવૈરી જેવા ક્રોધ–માન માયા અને લોભ જેવા અત્યંત દુઃખદાયી દૂષણોનું શમન થતું નથી.

(૭) અવિવેક–પુત્રસ્વરૂપે હોય છે, ત્યારે કુપાત્ર પુત્ર જેમ પિતાનો અને પૂરા કુટુંબનો વૈરી હોય છે. તેમ અવિવેકના કારણે સારી ખાનદાનીમાં જન્મેલો હોવા છતાં વિદ્વાન અને પંડિત હોવા છતાં, સંસ્કૃત અને પ્રાકૃતિને ભણાવનાર હોવા છતાં ભકતામર, કલ્યાણ મંદિર વડે વીતરાગની સ્તુતિ કરવાવાળો હોવા છતાં, કર્મગ્રંથની પ્રકૃતિઓને બીજાઓને સારી રીતે ગણાવતો હોવા છતાં પણ પોતાના આંતર જીવનમાં ભક્ષ્યાભક્ષ્ય પેયાપેય, વાચ્યાવાચ્યમાં કયાંય પણ વિચાર કરવા જેટલી ક્ષમતા તેમની પાસે હોતી નથી.

(૮) દુર્મતિ (દુર્બુદ્ધિ) જયારે આત્માની પટ્ટરાણી બને છે ત્યારે આત્માની આન્તર સ્થિતિ સન્નિપાતના રોગી જેવી થાય છે.

ઉપર્યુકત પ્રમાણે મોહ રાજાના સામંતોની વચમાં નાચતો–કૂદતો આ જીવાત્મા હજારો લાખો અને કરોડો માનવોનો તથા બીજી સૃષ્ટિનો પણ દ્રોહી બને છે, મારક બને છે, ઘાતક બને છે. પોતાના સ્વાર્થની ખાતર ઘણા જીવોને મોતના ઘાટે ઉતારે છે, ભુખે મારે છે. તથા મિથ્યા અહંકાર અને મિથ્યા પ્રતિષ્ઠાના પૂરમાં તણાઇને હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, લોભ પ્રપંચ અને તેમાંથી ઉદ્ભવેલા ક્રોધ, માન, માયા, પરપરિવાદ માયા મૃષાવાદ જેવા આસુરી પરંપરાના દુર્ગુણોને વશ બનીને "અધોગચ્છન્તિ-તામસા...."ના ન્યાયે દુર્ગતિ તરફ પ્રસ્થાન કરે છે.

(શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભા. ૪ માથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "હુતાશિની" ની કથા

લે. વિજયલક્ષ્મી સૂરીકૃત
ઉપદેશમાળામાંથી

આ ભરતક્ષેત્રમાં જયપૂર નામે નગર. નગરમાં ચતુર પુરુષોના શિખરવાળા આવાસો. માગણ ભાગ્યેજ નજરે પડે છતાં કોઇ દેખાય તો તે પ્રજાને પ્રતિબોધ કરવા માટેજ–

"હાથમાં પાત્ર રાખી ઘેર ઘેર ભટકતા ભિક્ષુકો લોકોને કહે છે કે દાન નહીં આપનારને આવું ફળ મળે છે."

તે નગરનો રાજા **જયવર્મા**. રાજાને માનવા લાયક મનોરથ નામે શ્રેષ્ઠી. તેને લક્ષ્મી નામે પત્ની તે શ્રેષ્ઠીને ચાર પુત્રો અને અનેક દેવોની પૂજાભક્તિથી પ્રાપ્ત થયેલી **હોલિકા** નામની પુત્રી હતી. તે પુત્રી યુવાવસ્થામાં આવી ત્યારે શેઠે બીજા શ્રેષ્ઠીના પુત્ર સાથે પરણાવી પણ તેમનો સંસાર સંબંધ થયા પહેલાજ શ્રેષ્ઠીપુત્ર વિસૂચિકાના રોગથી મૃત્યુ પામ્યો પૂર્વ ભવે જિનેશ્વરની આજ્ઞાનું આરાધન કરેલું ન હોવાથી બાલ્ય કાળમાં જ હોલિકાને વિધવાપણું પ્રાપ્ત થયું. આ બનાવથી તેના માતા પિતાને ખૂબ દુઃખ થયું.

પછી તે હોલિકાને તેના મા બાપે પોતાને ઘેર રાખી તે નિરંતર ઘરની મેડી ઉપર ગોખમાં બેસી રહેતી અને મદોન્મત્તની જેમ કામ પીડા પામ્યા કરતી.

કહ્યું છે કે

બાળ વિધવા, તાપસી, ખીલે બાંધી રાખેલ અશ્વ રાજાના અંતઃ પૂરની સ્ત્રી–એ નિરંતર મૈથનનું ધ્યાન કરે છે" – વળી

પુરુષ સાસરે રહેવાથી, સ્ત્રી પીયરમાં રહેવાથી, યતિ કુસંગતમાં વસવાથી અને વૃક્ષ નદી કાંઠે રહેવાથી જ્યારે ત્યારે પણ વિનાશ પામે છે."

એકદા હોલિકા ગોખમાં બેઠી હતી તે વખતે વંગદેશના રાજાનો પુત્ર **કામપાલ** અશ્વપર બેસીને ત્યાંથી નિકળ્યો. તેને જોઇને હોલિકાએ કામદેવના બાણ રૂપ કટાક્ષ નાખ્યા. તેથી કામદેવ પણ તેના રૂપથી મોહ પામી, વારંવાર તેની સામે જોવા લાગ્યો.

આ પ્રમાણે બન્નેને પરસ્પર સ્નેહ થવાથી પોત પોતાને ઘેર તેઓ પરસ્પરનું ધ્યાન કરવા લાગ્યા. તેઓને બીજી કોઈ બાબતમાં કે પદાર્થમાં પ્રીતિ રહી નહિં.

સ્નેહ જ એવો છે. સ્નેહ (માખણ)ના વશથી દહીંને વલોવાવું પડે છે.

એકદા હોલિકાને તેના પિતાએ પૂછ્યું કે હે પુત્રી! તું કેમ દુઃખિત, મ્લાન મુખવાળી અને અતિ કૃશ દેખાય છે? પણ હોલિકાએ જવાબ આપ્યો નહિ. ત્યારે પિતાએ વિચાર્યું 'પૂર્વના કર્મના ઉદયથી તે અતિ દુઃખયારી છે. વાછડા જેમ માતાને ઓળખી તેની પાસે જાય છે તેમ પૂર્વે કરેલું કર્મ કર્તા પાસે જ જાય છે, હવે હું તેને ભણવા વગેરેનું અવલંબન કરી આપું કે જેથી તેના દિવસો નિર્ગમન થાય.

આજ નગરમાં ચંદ્રગુરુ નામે બ્રાહ્મણ્ક્સે તે દ્રવ્યના લોભથી ભાંડચેષ્ટા કરે, તેને ઢૂંઢા નામે પુત્રી તે યુવાવસ્થા પામી ત્યારે તેને **અચળાભૂતિ** નામના ભાંડ સાથે પરણાવી તેમના લગ્ન બાદ તરતજ પિતા તથા પતિના કુળનો ક્ષય થયો તેથી ઢૂંઢા ઉદરપોષણ માટે પરિવ્રાજિકાનો વેષ ધારી કામણ, મારણ, ઉચ્ચાટન વગેરે પાપકર્મથી આજીવિકા કરવા લાગી

એક વખત તે મનોરથ શ્રેષ્ઠીને ઘેર ગઇ શેઠે બેસવા માટે આસન આપી કુશળતા પૂછી ત્યારે તે ધર્મના અક્ષરો બોલી:

"હે મિત્ર! જરા રૂપી કૂતરો છે, યોવનરૂપી સસલો છે. કાળ રૂપી શિકારી છે. તેમાં વચ્ચે શરીરરૂપી ઝૂંપડું રહેલું છે. તેમાં કુશળતાની શી વાત!"

આથી શેઠ પર તેના (દંભી) વૈરાગ્યની છાપ પડી શેઠે કહ્યું, "હે સ્વામિની! મારી પુત્રી બાળ



For Private And Personal Use Only

ત્રિપુલા છે તેને તમે અભ્યાસ કરાવો."

દંભીને નકાર ગુણકારી છે. તેથી પ્રથમ 'ના' કહી પછી ખૂબ આગ્રહ થવાથી તે કાર્ય તેણે સ્વીકાર્યું.

શેઠ તેને હોલિકા પાસે લઇ ગયો અને કહ્યું, "હે પુત્રી ! આ તારી ગુરુણી છે. તેમની, પાસે અભ્યાસ કરજે અને તેની સેવા કરજે" ત્યારથી હોલિકા ઢૂંઢા સાથે રહેવા લાગી પણ કામપાળના સંગની ઇચ્છાથી તે ભણતી નહીં, એકદા ઢૂંઢાએ પૂછ્યું. "હે પુત્રી ! તૂં સદા ઉદ્વિગ્ન કેમ જણાય છે ? ત્યારે હોલિકાએ સત્ય વાત કહી.

ઢૂંઢાએ કહ્યું, "તૂં હવે ઉદ્વેગ કરીશ નહિ. હું તારૂં કાર્ય થોડા સમયમાંજ સિદ્ધ કરી આપીશ" પછી ઢૂંઢા કામપાલને ત્યાં ગઇ અને કહ્યું, "તમારા ચિત્તને હરણ કરનારી હોલિકાને તમારો સંબંધ નહિ થાય તો તમારા વિરહથી તે મરણ પામશે," ત્યારે કામપાળે કહ્યું, "અમારો બન્નેનો મેળાપ કયે સ્થાને થાય, ?" તે બોલી "સૂર્યના મંદિરમાં તમારે આવવું. ત્યાં, તે પણ આવશે" તે સાંભળી કામપાળ હર્ષ પામ્યો કામપાળે તેનું સન્માન કરી વિદાય આપી.

પ્રાતઃ કાળે સૂર્યની પૂજા માટે સર્વ સામગ્રી લઇને ઢૂંઢા સાથે સૂર્યના ચૈત્યે ગઈ કામપાળ પણ ત્યાં આવ્યો ઘણા દિવસની વિરહપીડાથી, કામપાળે તેને આલિંગન કર્યું ત્યારે માયાવી હોલિકા, મનમાં કંઇક વિચારી પોકાર કરવા લાગી હે લોકો દોડો આ પરસ્ત્રીના શીલવ્રતને ભંગ કરનાર લુબ્ધ પુરુષને પકડો.

તેની બૂમ સાંભળી, તેનો પિતા દોડી આવ્યો તેણે કામપાળને પૂછ્યુ, "અરે ! તૂં પરસ્ત્રીના કંઠમાં કેમ વળગી પડયો ?" ધૂર્ત કામપાળે કહ્યું "મારી સ્ત્રી તમારી પુત્રી જેવીજ છે. તેને 'મારી સ્ત્રી' ધારીને આલિંગન કર્યું," તેમ કહી કામપાળ જતો રહ્યો.

હોલિકાએ માતા પિતાને કહ્યું, "સતી સ્ત્રીઓમાં પ્રધાન એવી મને પરપુરુષનો સ્પર્શ થયો તેથી હું દુષિત થઇ માટે અગ્નિમાં પ્રવેશ કરીશ."

માતા પિતાએ તેને ખૂબ સમજાવી અને ઘેર તેડી ગયા આ વૃતાંતથી હોલિકા મહાસતીના નામથી પ્રખ્યાત થઈ પછી સત્કારે, સાંજે તે ચાલાકીએ ઢૂંઢાને છેતરીને સૂર્ય ચૈત્યમાં જવા લાગી.

એકદા ફાગણ માસની પુનમે હોલિકા સૂર્યચૈત્યમાં ગઇ, કામપાળ પણ ત્યાં આવ્યો હતો બન્ને ક્રીડા કરતા સુખે બેઠા હતા ઢૂંઢા પર્ણકુટીમાં સૂતી હતી.

ત્યારે બન્નેએ વિચાર્યું, આપણું કાર્ય તો સિદ્ધ થયું. પણ આ ઢૂંઢા સર્વ મર્મ જાણે છે. માટે તેને મારી નાખવી યોગ્ય છે.

પછી હોલિકાએ પર્ણકુટી ફરતાં કાષ્ઠ વગેરે ગોઠવી તેમાં એક મનુષ્યનું શબ નાખીને, ઢૂંઢાસહિત તે ઝુંપડી બાળી દીધી ત્યાર બાદ તેઓ બન્ને દેશાન્તર ગયા.

પ્રાતઃ કાળે તે ચૈત્ય પાસેની ઝુંપડી બળેલી જોઇને લોકો પરસ્પર પૂછવા લાગ્યા, "અરે ! આ શું થયું ? મનોરથ શેઠ, ઢૂંઢા તથા હોલિકાને ઘરમાં નહિ હોવાથી ખેદ પામી બોલ્યો "એક ચિતામાં તેઓ બન્ને બળી મરી" તે સાંભળી લોકો કહેવા લાગ્યા, "અહો ! આ હોલિકા સતીની ભસ્મ મહા પવિત્ર છે. તેનું વિલેપન કરવાથી સર્વ દુઃખનો નાશ થાય" એમ કહી લોકો ચિતાને પગે લાગવા મંડયા ભસ્મ માથે ચઢાવવા લાગ્યા, ત્યાર પછી દર વર્ષે ઇન્ધન, છાણા વગેરેનો ઢગ કરી, હુતાશની સળગાવવા લાગ્યા આ રીતે આ પર્વ પ્રખ્યાત થયું.

એકદા કામપાળે હોલિકાને કહ્યું, "ધન વગર મનોરથ પૂર્ણ થતા નથી માટે હું પરદેશ જાઉં." ત્યારે હોલિકા બોલી, "હે સ્વામી ! તમારા માટે મેં જાતિ-કુળ વગેરેનો ત્યાગ કર્યો છે તમારો વિરહ એક ક્ષણ પણ હું સહી શકું તેમ નથી" મોહને લઇને કામપાળે તે વાત સત્ય માની.

અન્યદા હોલિકાએ કહ્યું, "હે પ્રિય ! મેં ખૂબ વિચાર કર્યો છે, મારા પિતાના ઘર સિવાય બીજે કાંઇ ધનનો લાભ જણાતો નથી." ત્યારે કામપાળે કહ્યું, "આપણે અકાર્ય કર્યું છે હવે ત્યાં કેમ જવાય ?" તે બોલી હું એવો દંભ રચના કરીશ કે જેથી પિતા વગેરેને અનુકુળ થશે આપણા નિકળ્યા પછી તે ગામમાં મહાપૂજ્ય અને માન્ય એવું હોલીનું પર્વ લોકોમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસર્યું છે. માટે ત્યાં જવું યોગ્ય છે.

પછી તેઓ જયપુર ગામની નજીક આવ્યા હોલિકાએ કામપાળને કહ્યું, "તમે મારા પિતાની દુકાને જાઓ અને કહો–મારી સ્ત્રી માટે એક સાડી મૂલ્ય લઇને આપો" કામપાળે તેમ કર્યું, અને સાડી લઇને આવ્યો ત્યારે હોલિકાએ કહ્યું " આવી શું કામની ! બીજી લઈ આવો. એ પ્રમાણે બે ત્રણ વાર કર્યું તેથી શેઠે કહ્યું. "આપની પત્નીને અહીં બોલાવી લાવો. એટલે તેને ગમે તેવી સાડી લઇ લે"

કામપાળે તે વાત હોલિકાને કહી, તરતજ હોલિકા શેઠની દુકાને આવી. ત્યાં બીજી બીજી સાડીઓ જોવા લાગી. તે વખતે શેઠ અનિમેષ દષ્ટિએ હોળી સામે જોવા લાગ્યો. ત્યારે કામપાળ પ્રથમ શીખવી રાખ્યા મુજબ શેઠને કહેવા લાગ્યો, "હે શેઠ ! તમે સુપાત્ર થઇને પર સ્ત્રી સામે કેમ જોયા કરો છો ?" શેઠે કહ્યું, "હું કામના વિકારથી જોતો નથી. પણ મારી પુત્રી જેવું આનું લાવણ્ય જોઇને મને વિચાર થયો," શું મારી પુત્રી ફરીને મનુષ્ય રૂપે અહીં આવી છે ? કેમકે તે અગ્નિમાં પ્રવેશ કરીને સતી થઈ છે. કામપાળે કહ્યું, 'આનું નામ હોળીજ છે. પણ તે મારી પત્ની છે" આ પ્રમાણેના ભ્રમથી જ મેં પૂર્વે સૂર્ય ચૈત્યમાં મારી પત્ની ધારીને તમારી પુત્રીને આલિંગન કર્યું હતું. આજે તમને પણ મારી પત્ની ઉપર પોતાની પુત્રીનો ભ્રમ થયો. તેમાં તમારો કાંઇ દોષ નથી" તે સાંભળીને શેઠે સ્નેહથી તે બન્નેને પુત્રી તથા જમાઇ તરીકે ઘેર રાખ્યા અહો ! સ્ત્રીઓની કેવી ગૂઢ મતિ હોય છે !

હવે પેલી ઢૂંઢા બળીને, શુભ અધ્યવસાયથી વ્યંતર જાતિમાં દેવી થઈ હતી તેણે વિભંગ જ્ઞાનથી, પોતાનો પૂર્વ ભવ જાણી, જયપુરના લોક ઉપર કોપ કરીને વિચાર્યું" આ લોકો મહા અસતી અને જીવતી હોળીને પૂજે છે અને સ્તુતિ કરે છે. પણ મને તો સંભારતા નથી. "એમ વીચારી તેણે મોટી શીલા વિકુર્વી અને બોલી, "મને સંતોષ આપનાર એક મનોરથ શેઠ સિવાય બીજા સર્વને હમણાંજ આ શીલાથી ચૂર્ણ કરી નાખીશ," તે સાંભળી રાજા વગેરે ભય પામ્યા અને મનોરથ શેઠને શરણે ગયા. શેઠે પૂજા બલિદાન વગેરે કરીને કહ્યું, "આપ પ્રગટ થઇને કહો અમારે શું કરવું ?" તે સાંભળીને ઢૂંઢાએ પૂર્વ વૃત્તાન્ત કહ્યો ને કહ્યું, "હોળીનું પર્વ આવે ત્યારે સર્વે ભાંડ ચેષ્ટા કરે, પરસ્પર ગાળો દે. ધૂળ ઉછાળે, શરીરે કાદવ ચોળે તો જ હું ઉપદ્રવ શાંત કરૂં" લોકોએ તે સ્વીકાર્યું ત્યારથી ધૂળેટીનું પર્વ સર્વત્ર પ્રસર્યું. સંસારમાં ડુબાવનારૂં, આ પર્વ જૈનોએ અવશ્ય ત્યાગ કરવું.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવાં પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઈ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણું યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬–૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ,
ભાવનગર (સૌરાષ્ટ્ર)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઊણોદરી તપ અને તંદુરસ્તી

લેખક :- **અમરચંદ માવજી શાહ બીજાપુર**

યોગ શાસનના ૪થા પ્રકાશમાં બારભાવમાં ઍાનોદર્ય બ્રહ્મતપમાં ઉણોદરાવ્રત ગણાય છે. સહેલામાં સહેલું આ તપ છે, છતાં તેમા એટલું બધું તાત્પર્ય છે કે આ એક જ વ્રતનું જો જગતની જનતા પાલન કરે તો સમગ્ર જનતાના ખોરાકનો પ્રશ્ન સ્હેલાઇથી ઉકલી જાય અને આ તપ કરનારનું આરોગ્ય સચવાય અનેક બિમારીઓાંથી બચી જાય અને જીવનમાં આત્મસાધના કરવા માટે તંદુરસ્તી પ્રાપ્ત થાય.

સ્વાભાવિક આહારથી અલ્પ આહાર લેવો' તેનું નામ ઉણોદરી તપ છે. આપણે રોજ ૪ રોટલી જમતા હોઇએ તો ૩ લેવી ૮ જમતા હોઇએ તો ૬ લેવી મતલબ જે જમતા હોઇએ તેના કરતા ઓાછું જમવું એનું નામ ઉણોદરાવ્રત કહેવાય છે. આનાથી આરોગ્ય દૃષ્ટિએ જલ્દી પાચન થાય છે. અને દીર્ઘાયુ થઈ શકાય છે.

'થોડુ ખાઈ વધુ જીવો–વધુ ખાઈ થોડુ જીવો' ખાવા પીવાનું એ જીવન જીવવા હટાવવા માટે છે જીવન જીવવું એ આત્મસાર્થકતા માટે છે એમ જ કહ્યુ છે કે **शरीर माद्यं खलु धर्म साधनम्**

શરીરએ ધર્મસાધન કરવા માટેનું અમૂલ્ય સાધન છે, તેને ટકાવવું તંદુરસ્ત રાખવું એ પણ ધર્મ છે, ફરજ છે જેમ મોટરમાં પેટ્રોલ માપસર નાખવાથી તે ગતી ફરી શકે છે તેમ ખોરાકથી અન્નથી શરીર સક્રિય રહે છે. એ શરીરને હટાવવા સાત્વિક આહાર અન્ન રૂપી શાક દુધ–વિગેરે વનસ્પતી અન્ય દ્રવ્યોથી તેને સંપૂર્ણ આરોગ્ય મળે છે માંસાહાર એ માનવંતો ખોરાક નથી એ પ્રાણીઓમાં વધતી ત્રાસદાયક રીતે મેળવાય છે અને મુંગા પ્રાણીઓ માટે અત્યંત દુઃખ ત્રાસ વેદના થાય છે. એવો ખોરાક લેવો તે માનવતા નથી પાશવતા છે માનવની હોજરી દાન એ કુદરતી રીતે અન્નરૂપ છે લોર્ડ-બર્નાડશોએ માંસાહાર માટે પોતાનો અણગમો વ્યકત કરતા કહ્યુ હતું કે "મારૂં પેટ એ કાંઈ–મૃત જાનવરોના કલેવરોને દાટવાનું કબ્રસ્તાન નથી" તે પોતે માંસાહાર કરતા નથી.

જો ઉણોદરી તપ સૌ કોઈ આચરે જરૂર કરતા પણ ઓાછો આહાર લે તો ખોરાકનો વિશ્વ પ્રશ્ન પણ ઉકલી જાય અને માંસાહાર માટે થતી દલીલો પણ બંધ થઈ જાય "રશીયામાં ઉપવાસથી રોગનું નિવારણ"ના સમાચાર મુંબઈ સમાચાર તા, ૫–૯–૮૨માં મોસ્કો તા. ૪–૯–૮૨ થી પ્રગટ થયા છે તે ઉણોદરી તપની તંદુરસ્તી માટે ઉપયોગી પુરવાર કરે છે.

રશિયાના એક આગળ પડતા ડોક્ટર દમથી કરીને હૃદયશકિત જેવી મોટી બિમારીમાં પોતાના દર્દીઓને તેમની સારવાર માટે અત્યંત ઓાછો ખોરાક આપીને ઉપવાસ જેવી સ્થિતિમાં રાખે છે. એમ એક સાપ્તાહિક સામયિકમાં જણાવામાં આવ્યું છે.

પ્રોફેસર પુરી નિકોલીવે આ સામયિકને જણાવ્યું હતું કે દમના દર્દીઓને ૨૦ થી ૩૦ દીવસના ઉપવાસથી આશ્ચર્યજનક ફાયદા થાય છે અને તેમની સામાન્ય તબિયતમાં પણ વધારો થાય છે.

અત્યાર સુધી તેમણે ૪૫૦ દર્દીઓની સાર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાર કરી છે અને બધાને લાભ થયો છે એમ આ સામયિકે જણાયું હતું હૃદયની બિમારી કે ભરાઇ ગયેલી રકતવાહિનીઓને ભારે ફાયદો થાય છે

આ ભૂખમરા જેવા સમયમાં દરદીઓને ફક્ત ચા લેવાની છુટ હોય છે.

આ રીતે અત્યારનું વિજ્ઞાન પણ જૈન દર્શનના વ્રત તપ, જપમાં જે આધ્યાત્મિક સાથે આરોગ્યની સધી કરી છે, તે પૂર્વ મહા પુરૂષોની અદ્‌ભૂત જ્ઞાન જ્યોતનું વર્તમાન વિજ્ઞાન પ્રકાશ કરે છે. યોગ વગર આરોગ્ય નહી આરોગ્ય વગર યોગ નહીં આ બધા અનુલક્ષો સમજણ પૂર્વક રચેલા છે જે આપણી શ્રદ્ધાને મજબુત કરે છે.

બાહ્યતપમાં ઉણોદરી તપ અને અભ્યંતર તપમાં ધ્યાન તપ આ બે તપ અત્યારના જીવન માં જો આપણે કરી શકીએ તો ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ કરી શકીએ **एकाग्र चिंता निरोधो ध्यानम्** આ તેની ટુંકી વ્યાખ્યા છે મન વચન કાયાની એકાગ્રતા પૂર્વક ચિંતા અને ચેષ્ટા રહિત પણે અંતર્મુહૂર્ત એટલે એક સામાયિક કાળ ૪૮ મીનીટ સુધી ચિત્તની સ્થીરતા એકાગ્રતા પૂર્વક દેહાધ્યાસ છોડી આત્મધ્યાન કરવું આ બે તપ સૌ કોઇ કરી શકે છે અને આત્મ સાર્થકતા કરી શકે છે.

અત્યારે ખાવા પીવાના કુપથ્ય અસરથી અનેક રોગો થાય છે અને મોટાભાગના માનવો દવા ઇજીકશનો ઉપર જીવે છે અને ડોક્ટરો દવાખાના હોસ્પીટલોના કારખાના વધતા જાય છે. આ વધતા મૂળિયા–આહાર જ્ઞાનનું અજ્ઞાન વિશેષ છે. ખાટું–તીખું–ગળ્યું તળ્યુ–ગરમ વાપક ભારે વધારે રસાસ્વાદ ખાતર વિશેષપણે હોવાથી હાર્ટ–ડાયાબીટીસ બી. પી. ગેસ આદિ ભયંકર દર્દોનુ પ્રમાણ હમણા બહું વધ્યું છે. આ બધાનો સ્હેલો ઉપાય ઉણોદરી તપ છે.


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે·

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** ( પૃષ્ઠ સંખ્યા–૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ –:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : ( સૌરાષ્ટ્ર )

તા. ક. : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમીરાત ના ઇજારદાર બે તરુણો

**A. J. Cronin** **અનુ, પી. આર. સલોત**

સહેલગાહના આરે, આલ્પ્સ પર્વતની તળેટી પાસે અમારી મોટર આવી પહોંચી. ત્યારે નજરે પડયું અનેરૂં દૃશ્ય બે નાનકડા કિશોરો વેચતા હતાં જંગલ માંથી મેળવેલ ફળો. નેતરની ટોપલીમાં શ્યામ-નીલવર્ણી કિનારની શોભા અર્પતા પર્ણો વચ્ચે દેખાતા હતાં મનોહર અને મીઠાં. ફળની લાલચે ગાડી થંભાવી.

તેજ સમયે ડ્રાઇવરે લાલ બત્તી બતાવી "આપને વેરોના શહેરમાં સર્વોત્તમ ફળો મળશે" એમ જણાવી કિશોરોના ગંદા દેખાવ પર ઘૃણા દર્શાવવા પોતાના ખભા હલાવ્યા.

એક કિશોરના દેહ પર હતી જીર્ણ જર્સી અને વેતરાયેલું પેન્ટ, બીજાના માંસ વિહિન દેહ પર ગડીઓથી ભરપૂર લટકતાં હતાં ટૂંકા થયેલ કપડાં, તેમની ભુખરી ત્વચા, ઝૂંડ રૂપ વાળ, શ્યામ વેધક નયનો અમને અદ્‌ભુત રીતે આકર્ષવા લાગ્યાં. મારા સાથીના પ્રશ્નો દ્વારા જાણ થઇ કે તે હતાં બન્ને સગા ભાઈઓ મોટો હતો નિકોલા ઊંમર ૧૩ આશરે. ગાડીના દ્વાર નજિક પહોંચેલ-બીજો હતો જેકોપો. ઊંમર વર્ષ બાર આસપાસ અમે તેમની સૌથી મોટી ટોપલી ખરીદી અને આગળ વધ્યા હોટેલ તરફ.

\+ \+ \+

સવારે હોટેલમાંથી નીકળી, અમે ટૂંકી વાટ લીધી. ચોકમાં ફૂવારા પાસે, પોલીશ ડબ્બી ઉપર ઝૂકેલાં, ઝડપથી કામ ખતમ કરતાં હતા. અમારાં બે જૂના ગઇકાલના મિત્રો, થોડી પળ તેમને નિરખવામાં વીતી. તેમની ઘરાકી મંદ પડી એટલે અમે તેમની પાસે પહોંચ્યા. મૈત્રી સભર ભાવનાથી અમને સત્કર્યા. મેં કહ્યું, "નિર્વાહ માટે તમે ફળજ વેચો છે તેમ મેં માનેલું."

ગંભીરતા પૂર્વક નિકોલસે કહ્યું, "સાહેબ, અમે અનેક પ્રવૃત્તિઓ કરીએ છીએ." " અને આશાં ભરી દૃષ્ટિ અમારા તરફ ફેંકી "અમ યાત્રિકોને સુંદર જોવા લાયક સ્થળોએ દોરી જઇએ છીએ."

સસ્મિત મેં કહ્યુ, "અમને પણ લઇ જાઓ." જ્યારે અમે ઘુમતા હતાં ત્યારે તેમનો નોંધપાત્ર દેખાવ મને મુગ્ધ કરી રહ્યો હતો. હતા તેઓ નર્યા બાળકો સમ. વળી બહુધા નિર્દોષતા યુક્ત રીત-રસમવાળા. જેકોપોના ઓષ્ટ ફીકાં પડી ગયેલ છતા તરવરાટ ઉછળતો હતો. જ્યારે નિકોલાનું હાસ્ય-સ્થિર ને મોહક હતું.

બન્ને તરુણોમાં ગંભીરતા હતી. તેમાં વસી હતી મહામૂલી ધ્યેયતા-જે દરેક માટે માનપત્ર બની હતી

આ સપ્તાહમાં તેમની સાથે વારંવાર અમારો ભેટો થયો હતો, કેમકે તેઓ ખૂબ ઉપયોગી પૂરવાર થયા હતા અમારી નાની-મોટી દરેક જરૂરિયાત તેઓ પૂરી કરતા અને તે પણ આનંદ ભરી આવડક પૂર્વક.

ખૂબી તો એ હતી કે તેમની કાર્ય ધગશમાં ન હતી ઓટ. એક તો ઉનાળાના દિવસો. ધીકતી ગર્મી જ્યારે લાંબી સાંજના પર્વત તરફના થીજાવતાં પવનો-છતાં તેઓ પગરખાંને ચકચકતા બનાવતા, ફળ વેચતા, છાપાંની ફેરી કરતા, પથિકોના ભેમિયા બની ગલ્લીઓ વીંધતા સંદેશાઓ પહોંચાડતા.

એક રાત્રિના સમયે, જ્યારે તેઓ પથ્થર મઢી ભૂમિપર નિર્જન ચોકમાં, ઝાંખી બત્તીઓ નીચે આરામ કરતા હતાં ત્યારે અમે તેમની પાસે આવી ચડયા. નીકોલા ટટ્ટાર બેઠો હતો પણ ચહેરો થાકથી લેવાઇ ગયો હતો, વેચ્યા વિનાના અખબારોનું બંડલ પગ પાસે પડયું હતું જ્યારે જેકોપો પોતાના ભાઇના ખભાને ઓસીકુ બનાવી ઉંઘતો હતો. લગભગ મધ્યરાત્રિનો સમય નિકોલા આટલી મોડી રાત સુધી બહાર કેમ રહેવું પડયું?

મારા બોલ સામે ધારદાર દૃષ્ટિ ફેંકી વળતીપળે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંત અને મુક્ત નિગાહથી નવાજેશ કરી "પાડુઆથી આવતી બસની રાહ જોઇએ છીએ. તે આવશે ત્યારે આ અખબારો વેચાઈ જશે."

"આટલી બધી કપરી કઠિનાઈ? તમે બન્ને ખૂબ થાકેલ લાગો છો."

"સાહેબ, તે માટે અમારી કશી ફરિયાદ નથી."

સંપૂર્ણ નમ્રતા ભર્યા અવાજથી, વધુ પૂછપરછ કરવા હિંમત ન ચાલી બીજી સવારે જ્યારે હું તે સ્થળે મારા ઉપાનહ પોલિશ કરાવવા ગયો ત્યારે મેં કહ્યું, "નીકોલા જે રીતે તમે કામ કરો છો તેથી ઠીક કમાણી થતી હશે છતાં કપડાં પર ખર્ચ કેમ નથી કરતા! વળી તમારો ખોરાક પણ ઓછો પાતળો છે. તમારાં કમાયેલ પૈસાનું શું કરો છો!

સૂર્ય પ્રકાશમાં પણ ચહેરા પર ઘેરો રંગ છાઈ ગયો પછી ફીકાશ પ્રસરી ગઈ ભૂમિ પર નયનો ઝૂકી ગયા.

મેં કહ્યું, "અમેરિકા જવા માટે પૈસા બચાવતા હશો"

બાજુએથી મારી તરફ જોયું. મહાપ્રયત્ને અવાજ નીકળ્યો "અમને ત્યાં જવું ખૂબ ગમે પણ અત્યારે અહીં અમારે જુદી યોજના છે."

"કઈ યોજનાઓ?"

અગવડ ભર્યા હાસ્ય સાથે, મને હંમેશ મુંજવતા દેખાવ સામે, ધીમા અવાજે કહ્યું, "સાદી સરળ સાહેબ" મેં કહ્યું, વારું? અમે સોમવારે રવાના થઇશું જતાં પહેલાં તમારે માટે હું શું કરૂં તે કહો નિકોલાએ શિર હલાવી, ના કહી પણ એકાએક નાના ગલુડિયાના નસકોરા જેમ જેકોપોના નસકોરાં ફુલી ગયા તે બોલી ઉઠયો સાહેબ, દર રવિવારે અમે અહિંથી ૩૦ કી. મી. દૂર પોલેટાની મુસાફરી ખેડીએ છીએ. હંમેશ મુજબ સાયકલ ભાડે કરીએ છીએ. પણ આવતીકલે આપની ગાડી દ્વારા અમને ત્યાં પહોંચાડશો તેવી કૃપા

"મેં તો ડ્રાઇવરને રવિવારની છૂટ્ટી આપી દીધી છે છતાં હું જાતે ગાડી હાંકી, ત્યાં તમને પહોંચાડીશ

ચૂપકીદી પ્રવર્તી પોતાના લઘુ ભ્રાતા તરફ ગુસ્સા-પૂર્વક નિકોલા મીટ માંડી રહ્યો હતો "સાહેબ અમે આપને મુશ્કેલીમાં મુકવાનું વિચારી ન શકીએ. "કશી તકલીફ નથી."

રુંધાતઃ સ્વરે, તેણે કહ્યું "બહુ સારુ"

પછીના બપોરે, ચેસ્ટનટ વૃક્ષો વચ્ચે આવેલ, ટેકરી પર વસેલા ગામ તરફ અમે ગાડી હાંકી ઉપર પાઇન વૃક્ષો અને નીચે હતું ઉંડુ ભુરૂં સરોવર અમારી ધારણા હતી નાનકડી કુટિરની પણ જેકોપાના ઉંચી ચીસથી અમે વીલા તરફ ગાડી હાંકી મકાન ઉંચી દીવાલથી રક્ષિત હતું. મારી આંખો તે સ્વીકારવા તૈયાર ન હતી. ત્યાંજ બન્ને તરૂણો ગાડીમાંથી બહાર કૂદી પડયા.

"સાહેબ, અમને બહુ વાર નહિ લાગે કદાચ એક કલાક. આપ કોફી ગૃહમાં કોફી લેશોને?" દીવાલના ખૂણાની પેલી મેર સરકી ગયા.

થોડી મિનિટો બાદ, હું તે તરફ વળ્યો બાંજુના દરવાજે પહોંચી બેલ વગાડી ચશ્માવાળી, દેખાવડી સ્ત્રી આવી તાલીમ પામેલ, સફેદ ગણવેશમાં જોતાં જ હું આભો બની ગયો "હું હમણાં જ બે તરુણોને લઈ આવ્યો છું" "અરે! હા" તેના ચહેરા પર ચમક આવી મને પ્રવેશ આપવા દ્વાર ખોલ્યું "નીકોલા અને જેકોપો–હું આપને ઉપર લઇ જઇશ"

તેમણે મને હોસ્પીટલ તરફ દોર્યો હોસ્પીટલના વોર્ડો જ સુવિધા યુક્ત હતા. વચ્ચેની પરશાળ સુંદર ને સ્વચ્છ હતી.

દક્ષિણ તરફની બાલ્કની પાસે દાદર ચઢી આવ્યા સામે જ હતા બગીચાને સરોવર એક રૂમ પાસે આવી તેણે શાંત રહેવા કહ્યું અને કાચના પાર્ટીશનમાંથી નજર નાખવા કહ્યું.

વીશ વર્ષની યુવતી પાસે બન્ને જણ બેઠા હતા સુંદર કિનારીવાળું જેકેટ પહેરી, ઓસીકા ઉપર સુતેલી યુવતી તેમની વાતચીત સાંભળતી હતી. તેની ચક્ષુઓ મૃદુ અને કોમળ હતી લમણાં ઉપર અંછુ તેજ, વિચિત્ર નબળાઈ હોવા છતાં, બન્ને ભાઇઓની સામ્યતા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેના ચહેરા પર જણાઇ આવતી હતી તેના મેજ ઉપર ફૂલો સહિતની પુષ્પદાની તેમ જ ફળના રકાબીને થોડા પુસ્તકો હતા.

નર્સે ધીમેથી કહ્યું " તમે અંદર જશો નહિ ? લ્યુશિયા આપને જોઇને ખુશ થશે. "

મેં હસ્તક હલાવી ના કહી; અને પાછો ફર્યો આ સુખી કુટુંબમાં દખલરૂપ થવા ઇચ્છા ન થઇ પણ દાદરના છેડે આવી, આ બાળકો વિષેની વિગત કહેવા નર્સને વિનંતી કરી.

તેણે કહ્યું, " પોતાની બહેન સિવાય જગતમાં બાળકોનું કોઇજ નથી તેમના વિધુર પિતા પ્રસિદ્ધ ગાયક હતા યુદ્ધની શરૂઆતમાં તે મરાયા થોડા સમય બાદ, બોમ્બ દ્વારા તેમનું ઘર નાશ પામ્યું. શેરીઓમાં બાળકો ફેંકાયા તેઓએ સુવધા અને સંસ્કાર પૂર્વકનું જ જીવન જાણેલું લ્યુશિયા તેમને જાતે સંગીત શીખવતી ક્ષુધા અને શિયાળાની ઠંડીથી ભયંકર ત્રાસ અનુભવતા પાદર થયેલ ભૂમિ પર, જાતે બાંધેલ આશ્રય નીચે માંડ માંડ જીવતા રહ્યા. ત્યારે જ જર્મન એલીટ ગાર્ડે વેરોનામાં થાણું નાખ્યું. ત્રણ ભયંકર વર્ષો સુધી ક્રૂર કડકાઈથી શાસન ચલાવ્યું. આ ક્રૂર તીરસ્કૃત શાસકો પ્રત્યે કિશોરોને ધૃણા જન્મી જ્યારે વિરોધી ચળવળ શરૂ થઈ ત્યારે તેઓજ તેમાં ઝૂકાવનાર પહેલા હતા આ કાંઈ બાળકના ખેલ ન હતા. નજીકની ટેકરીઓની માહિતી સભરનું તેમનું જ્ઞાન તેમજ નાની વય છતાં યુવાનીનું ખમીર-તેમને અણમોલાં બનાવ્યાં મુક્તિ દળોને સંદેશા પહોંચાડતા વધુ જોખમી તો તે હતું કે તેઓ જર્મન લશ્કરની છૂપી હિલચાલની માહિતી મુક્તિ દળને પૂરી પાડતાં."

ભલી નર્સ કહેતાં કહેતાં ભાંગી પડી આંખો ભીંજાઇ પછી વધુ લાગણીવશ બની, ચાલુ કર્યું. " આ બાળકો કેટલા સુંદર છે તે કહેવાની મારે જરૂર નથી ગિરિ માર્ગોમાં અંધકારમાં તેઓ જતાં જોડામાં સંદેશાઓ છુપવીને-જાણ થાય તો ગોળીએ જ વિંધાય જ્યારે બધું ખલાસ થયું અને અમને શાંતિ મળી ત્યારે તેઓ તેમની વ્હાલી બેન પાસે 'આવ્યાં યુદ્ધ દરમિયાન ક્ષયનો ભોગ બનેલી અને પીડાતી બહેન પાસે "

તે શ્વાસ લેવા થંભી શું તેનો ત્યાગ કર્યો-એ પ્રશ્નના ઉત્તરની જરૂર નથી તેઓ તેને અહિં લઈ આવ્યા હોસ્પીટલમાં દાખલ કરાવવા મને સમજાવી. બાર માસથી અમારા દવાખાનાની તે દર્દી છે. પ્રગતિ સારી છે. આશા છે કે તે એક દિવસ ચાલી શકશે અને ગાઇ શકશે "

અલબત્ત, આજે બધું જ મુશ્કેલ છે ખોરાકની અછત અને મોંઘાઈ! જો અમે ફી ન લઇએ તો હોસ્પીટલ ચાલી શકે નહિ પણ દર અઠવાડિયે, લુશિયાના ભાઇઓ ફી આપે છે. તેઓ શું કામ કરે છે,-તે હું જાણતી નથી તેમજ પૂછતી પણ નથી કામની પણ વેરોનામાં અછત છે, ગમે તે હો પણ તેઓ સારી રીતે કરે છે, "

મેં કહ્યું, " સાચું. આથી વધુ સારી રીતે તેઓ કરી શકે પણ નહિ "

તરુણો પાછા ફર્યા ત્યાં સુધી મેં રાહ જોઈ શહેરમાં પાછા ફરવા, બોલ્યા વગર મારી બાજુમાં બેઠા-સંતોષની પૂરી લાગણી અનુભવતાં-હું પણ એક શબ્દ બોલ્યો નહિ. તેઓનું રહસ્ય પકડાઈ ન જાય તે વાત તેમને વધારે પસંદ હતી તે મેં જાણ્યું હતું. છતાં આ ખુમારી ભરી ભક્તિના મૂક મહાકાવ્યે મને ઘેરી અસર કરી હતી. ભયંકર પરિણામ યુકત યુદ્ધથી તેઓનો જુસ્સો ભાંગી પડયો ન હતો. એ સમયની પ્રૌઢતા તેમના પર ઝંળુબી રહી હતી છતાં તેમણે તે માનપૂર્વક ને હિંમત પૂર્વક સ્વીકારી હતી તેઓના નિઃસ્વાર્થ કાર્યે માનવ જીવનમાં નવીન સજ્જનતાની નવાજેશ કરી હતીઃ અને માનવ સમાજને નૂતન આશાનું વરદાન અર્પણ કર્યું હતું.

ગરીબાઈ સંસ્કૃતનું પારણું છે. નવા અરમાનોની ધાત્રી છે. સંયુક્ત કુટુંબની પીઠિકા છે. ગુણોને વિકસાવનારી અમૃતધારા છે. તેને અભિશાપ માનવો તે નરી મુર્ખાઇ છે.

અનૈસર્ગિક જરૂરિયાતોના ઢગ સર્જતાં, ગરીબાઈ વિકૃત સ્વરૂપ પામે તો નવાઇ નહિ ગરીબાઇનો જીવન કલા શિખવનારી મહાશિક્ષિકા છે. શ્રીમંતાઇ જ કુસંસ્કાર સ્વચ્છંદતા, કુટિલતા, શોષણનીતિ હુંપદને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લલિતાંગ દેવ

જાણે નિદ્રા તૂટી જતાં, હું અચાનક જાગી, બેઠો થયો. આ છે રાત્રિ કે દિવસ—તે પણ સમજમાં ન આવ્યું, કારણ મણિદીપના તેજથી કક્ષ પ્રકાશિત બન્યો હતો. જે શય્યા પર હું બેઠો હતો તે હતી દૂધના ફીણ જેવી સફેદ. તેના પર હતો ગંગાના શ્વેત પ્રવાહ સમાન (ચાદર) મારી નજર દેહ પર પડતાં હું આશ્ચર્યચક્તિ થયો. ભુજાઓ પર અંગદ, કાનમાં કુંડળ ને મસ્તક પર મુકુટ, ગળામાં હાર અને પારિજાત પુષ્પોની અમ્લાન કુસુમમાળ. યૌવનં સભર દેહ ..

કંઇક વિચારૂં તે પહેલાં જ વીણાનો મધુર સ્વર કર્ણો પર પડયો. તે સ્વર કયાંથી આવે છે તે ન સમજાયું. પછી સંભળાઇ સ્ત્રીઓની જય-જિયો ધ્વનિ. શું આ સ્વપ્ન છે કે ઈન્દ્રજાલ? આ વિચાર સાથે જ નૂપૂરોના રૂમઝૂમથી કક્ષ મુખરિત બન્યો છતાં નજર સમક્ષ કોઈ દેખાતું ન હતું. પરંતુ તેમના દેહની પદ્મગંધ પ્રવાહિત બની, મારા નાક સુધી આવી રહી હતી. શરદ પુનમના કૌમુદી પ્રકાશ જેમ એક આનન્દ જ્યોત્સ્ના મારી ચારે તરફ પ્રસરી રહી હતી. હું કયાં આવ્યો છું? આ સત્ય છે કે ભ્રમ? શું આ દેવલોક છે? શું આ દિવ્ય પરિવેશ? આ શું દિવ્ય મધુરતા?

સહસા કોઈ પુરુષનો અવાજ સાંભળી મારી ચિન્તા જાળ તૂટી. નજર કરી, દિવ્ય વસ્ત્રધારી એક સુંદર પુરુષ હાથ જોડી પ્રણામ કરતો હતો. "દેવ! આપ જેવા સ્વામી પ્રાપ્ત કરી અમે સનાથ બન્યા—ધન્ય થયા. આપ અમારા ઉપર કૃપાવારિનું વર્ષણ કરો. દેવ? આ ઈશાન નામક દ્વિતીય દેવલોકનું શ્રીપ્રભ વિમાન છે. આપ આ વિમાનના અધીશ્વર છો. વાદળમાં જેમ વિદ્યુત્ ઉત્સવે તેમ આ વિમાનમાં આપ ઉત્પન્ન થયા છો. આપનું નામ લલિતાંગ દેવ છે. આપની સભાના અલંકાર તુલ્ય દેવગણ છે. આપ એક હોવા છતાં અનેક રૂપોથી પ્રતિભાસિત થઈ રહ્યા છો. આપની આજ્ઞા પાળવામાં એ સહુ તૈયાર છે માટે આપ તેમને આજ્ઞા આપો.

આ કથનની સાથે સાથે તેમના દેહ નજરે પડયા. તેઓ સહુ કેયુર, અંગદ ને મુકુટધારી હતા. જો તેઓ હાથ જોડીને ઉભા ન હોત તો તે સહુ દર્પણમાં મારા પ્રતિબિંબ સમાન લાગે.

"દેવ આ છે આપના **નર્મ** સચિવ આનન્દ મંગળ અને લીલા—વિલાસની કથાઓ સંભળાવી આપને મનોરંજન આપશે.

નર્મ સચિવ પર નજર પડતાં, મને કામન્દકનું સ્મરણ થયું. તે મૃત્યુ લોકમાં મારો વિદૂષક હતો.

માનવ જીવન યાદ આવતાં સ્મૃતિ પટ પર પશ્ચિમ મહાવિદેહના ગન્ધિલાવતી વિજયના વૈતાઢય પર્વત પર રહેલું ગન્ધસમૃદ્ધિ નગર ઉભરી પડયું. પૂર્વ જન્મમાં હું ત્યાંનો **મહાબલક** નામનો ગન્ધર્વ રાજા હતો. મારી પત્ની હતી **વિનયવતી**. પરાક્રમી વિદ્યાધરોની સહાય્યથી ઈન્દ્ર જેમ રાજ્ય કરતો હતો, હું ખૂબ વિલાસી હતો. હંસની જેમ પૂરની સ્ત્રીઓ સાથે, વાપી, ઉદ્યાન, ગિરિકન્દરામાં ક્રીડા કરતો રાસ વિલાસીપણાથી સારું નગર વિલાસી બની ગયું. દરેક ઘરમાંથી રૂમઝૂમ ધ્વનિ ઉઠતો અને તેના પ્રતિધ્વનિથી જાણે કે સર્વે ગિરિકન્દરાઓ નૃત્યમય બની ગઇ.

"દેવ! આ આપના શરીર—રક્ષક દેવો છે. તેઓ છત્રીશ પ્રકારના શસ્ત્ર—અસ્ત્રથી સુસજ્જિત છે. આપની આજ્ઞા માટે તત્પર તેમજ ચતુર છે.

"અને આ છે આપના નગર રક્ષક દેવો" "આ

---

પોષનારી ધાંવમાતા છે. શ્રામંતઇ સુધર્મના ફળને ભક્ષનારી અને કુકર્મના ફળની જનેતા છે.

માટે જ ગરીબ પ્રત્યે સદ્ભાવ ધરાવો. સહાયરૂપ બનો. તેમના જીવન વિકાસ માટે પ્રેમવર્ષા કરી સમાજના અડગ, નિશ્ચલ, સ્તમ્ભ બનાવો પરોપકારમય છે સાચું જીવન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વ સૈન્યના સંચાલન અને વ્યુહ નિર્માણમાં સુદક્ષ સૈનાપતિ મુખ પર હાસ્ય સાથે મેં તેમને જોયા અને વિચાર્યું કે સ્વર્ગમાં પણ આતતાયિના ભયને આક્રમણની શંકા છે સ્વર્ગમાં પણ હિંસા, દ્વેષ, પ્રતિસ્પર્ધા છે."

"દેવ! આ આપના પુરજનો-દેવતા આપના સંતાન સમાન છે. તેઓ આપના આદેશ મસ્તક પર ચઢાવશે."

"આ છે આભિયોગિક દેવતા—દાસ માફક આપની સેવા કરશે. "આ છે કિલ્બિષક દેવગણ આ સર્વ મલિનતા દૂર કરશે.

મને જણાવ્યું કે સ્વર્ગમાં પણ સહુ સરખાં સુખી નથી. અહીં પણ મૃત્યલોક જેમ રાજા પ્રજા, માલિક–સેવક, શાસક અને શાસનના ભેદ છે. "તે છે આપની સર્વસુખ પ્રદાન કરનારો પ્રાસાદ તેના અંદરના ભાગમાં છે, હજારો પૂર લલનાઓ સાથે નિવાસ કરતી દેવી સ્વયંપ્રભા તેમની સાથે આપ સુખનો ભોગવટો કરશો."

આ — સ્વર્ણ કમલપૂર્ણ સરોવર
આ — સ્વચ્છ જળવાહી સુર સરિતા
આ — મણિમય ક્રીડા પર્વત
આ — અમ્લાન પારિજાત પુણ્ય ઉદ્યાન

આ વચનોની સાથો સાથ સર્વ નજર સમક્ષ ખડાં થયા આ સૌંદર્યની કલ્પના શું મૃત્યુલોકના માનવી કયારેય સ્વપ્નમાં પણ કરી શકે?—

'દેવ' સૂર્ય મંડળ સરખું આ આપનું સભાગૃહ "આ શ્રી પ્રભ વિમાનની વારાંગનાઓ તેઓ ચામર મયૂરપંખ, દર્પણ વગેરેથી આપની સેવા કરશે" "આ ગીત વાદ્યમાં કુશળ ગન્ધર્વ કન્યાઓ સુંદર ગીતો દ્વારા આપને હંમેશ આનન્દ આપશે"

વારાંગનાઓનું રૂપ જોતાં મને, મૃત્યુલોકની સુંદરમાં સુંદર યુવતી કુરૂપ જણાય જેમ આમ્ર મંજરીના પાન કરી કોયલ મધુર કંઠી બને છે. તેમ સ્વર્ગના આસવ પાન કરી, તેઓ મધુર કંઠી બની છે.

મને પ્રશ્ન ઉપસ્થિત થયો—કે મેં એવા શા પુણ્ય કર્યા કે જેથી મારો પ્રવેશ શ્રી પ્રભવ વિમાનમાં થયો એટલું જ નહિ પણ હું તેનો અધીશ્વર બન્યો?

પૂર્વ ભવમાં હું ખૂબ વિલાસી હતો. લલનાઓ સાથે જ પડયો રહેતો, તો પછી આ ભ્રમ છે કે સત્ય? કર્મના વિધાનમાં જરા સરખી ભૂલ ન પડે.

ત્યારે મને બુદ્ધિસાગર સ્વયંબુદ્ધનું સ્મરણ થયું. તેણે મને અલ્પાયુષ જાણી, સદુપદેશ દ્વારા સંયમ લેવડાવ્યું એક માસ સુધી સંયમ પાલી, અને અનશન પૂર્વક દેહત્યાગ કર્યો **વિષમ વાસના હટાવી સંયમ ધર્મનું શુદ્ધ પાલન** કરવાથી, તેની ફલશ્રુતિરૂપ મને શ્રી પ્રભ વિમાનનું આધિપત્ય પ્રાપ્ત થયું મારું મન સ્વયં બુદ્ધની કૃતજ્ઞતાથી ભરાઇ ગયું તે જ મારો એક ધર્મમિત્ર હતો. તેનું ઋણ હું કદી નહિ ચૂકવી શકું. જો તેણે મને સંયમ ધર્મમાં દીક્ષિત ન કર્યો હોત તો હું આજે નારકનીયાતના ભોગવતો હોત.

પ્રતિહારીએ કહ્યું, દેવ! આપના અભિષેકની ક્રિયાનો સમય થઇ ગયો છે. મેં શય્યાનો ત્યાગ કર્યો સભા-મંડપમાં આવી સિંહાસન પર સ્થાન લીધું દેવગણ યથા સ્થાને બેઠા વારાંગનાઓ ચામર મયુરપંખ દર્પણ લઇને બાજુએ આવી ઉભી ધીરે ધીરે ચામર વીંજવા લાગી પૂર્ણ ચંદ્ર જેવું સફેદ છત્ર મસ્તક ઉપર શોભતુ હતું ગન્ધર્વ કન્યાઓ પ્રશસ્તિ ગીત ગાવા લાગી પુરોહિત દેવતાએ લલાટપર કુંકુમ તિલક કરી મારી અભિષેક ક્રિયા પૂરી કરી. હવે હું શ્રી પ્રભા વિમાનનો અધિપતિ બન્યો.

આ અભિષેક સમયે સ્વયંપ્રભા દેવીની ગેરહાજરીથી મારું મન ખિન્ન થયું કેમકે પૃથ્વીલોકમાં અભિષેક વખત સહધર્મિણી સાથે જ રહે છે, મનુ આ અનુષ્ઠાન નીરસ લાગ્યું મારું સમસ્ત મન ઉન્મત અને બેશુદ્ધ બની તેમની તરફ દોડતું બન્યું હું અંતઃપુર જાવાને તૈયાર થયો પણ તરત જ મારી જાતને સંભાળી લીધી મને અર્હત પ્રભુની ઉપાસનાથી સ્વર્ગરાજ્ય મળ્યું છે તેથી તેમની ભક્તિ કરવાની મહેચ્છા થઇ તુરત જ જિન પ્રતિમાના દર્શન કરવા ગયો સ્તોત્રોને સ્તુતિઓ દ્વારા ભક્તિ કરી જ્ઞાન પ્રાપ્તિ માટે ગ્રન્થ પાઠ કર્યો. મંડપના સ્તંભમાં સુરક્ષિત અર્હત્ અસ્થિની અર્ચના કરી પછી અંતઃપુરમાં જવા માટે પ્રાસાદ તરફ પગ ઉપાડયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાસાદના મુખ્ય તોરણ પર ઉપસ્થિત થતાં હાથમાં સ્વર્ણવેત્ર લઇ પ્રતિહારિણીઓ મારી તરફ દોડી આવી પ્રણામ કરી દેવ, આ તરફ પધારો–કહી માર્ગ બતાવતી મને સ્વયંપ્રભાના મંદિર તરફ લઇ ગઈ તેના મંદિર તરફ જતાં નવા વિસ્મયો ઉદ્‌ભાવિત થવા લાગ્યા. નવા સ્વામી પ્રાપ્ત થતાં પૂરલલનાઓ ખૂબજ ઉન્મત્ત બની હતી ખિન્ન થવા પાછળ મારાં હૃદયમાં અભિષેક સમયે ઇર્ષાનો ભાવ હતો મારાં પહેલાં શ્રી પ્રભવ વિમાનમાં બીજો સ્વામી હશે તેનું આયુષ્ય પૂર્ણ થતા તે સ્વર્ગથી વિદાય થયો હશે કદાચ તેના સ્મરણ થી પુરલલનાઓ અભિષેક વખતે હાજર ન રહી હોય કદાચ તેથી સ્વયંપ્રભા હાજર રહેવા ઉત્સુક ન બની હોય પણ મારી આ ઇર્ષા અકારણ હતી સ્વર્ગમાંથી શોકને સ્થાન જ નથી. પ્રેમ–વિરહ–મિલન સ્વર્ગમાં માત્ર કથન પૂરતાં જ છે.

પુર લલનાઓ નવીન સ્વામીની અભ્યર્થનામાં ઉન્મત હતી. રંગીન દિવ્ય સુગંધી ચૂર્ણ ચોમેર ઉડતું હતું. મને જોવાને, સહુ એકી સાથે આવી રહી હતી. તેમને રોકવાને પ્રતિહારિણીઓ શૂન્યમાં લાકડીનું આસ્ફાલન કરી રહી હતી.

ગન્ધિલાવતી નગરીમાં આવી જ રીતે હું રમણિઓથી પરિવૃત્ત રહેતો. તેમની સરખામણીમાં સ્વર્ગની લલનાઓ અવર્ણનીય રૂપવતી લાગી. મૃત્યુલોકની નારીઓનો સ્પર્શ કઠોર લાગતો જણાયો. આજે આ સર્વેનો હુ માલિક છું, પ્રભુ છું–એમ વિચારતાં એક સુખદ ઝણઝણાટી મારા શરીરમાં પ્રવાહિત બની.

છતાં પણ મનની ગહન કન્દરામાં એક વિષાદ–વેદનાનો સુર રહી રહીને ધ્વનિત થતો. સ્વર્ગને ઉચિત ન હતું. કેમકે સ્વર્ગમા ફક્ત હર્ષ ને હર્ષ જ હોય છે. મને વિચાર આવ્યો પહેલાનાં લલિતાંગ દેવ માફક હું જ્યારે વિદાય લઇશ ત્યારે આમનાં નેત્રોમાં અશ્રુઓ નહિ હોય? આજ રીતે તેઓ પોતાના નવા સ્વામીની અભ્યર્થના માટે ઉન્મત્ત બની હશે? એક ક્ષણતો મારો શ્વાસ રુંધાયો–જાણે કે મારો પ્રયાણ સમય આવી લાગ્યો છે. તરત જ કંઠ પર દૃષ્ટિ ગઇ મારી માળા કરમાઇ ન હતી. મેં તો હમણાંજ આ વિમાનમાં જન્મ લીધો છે. હજુ તે મારે લાખ લાખ વર્ષોની આયુષ્ય મ્હાણવાની છે. અહીં જરા વ્યાધિ–કશું બાધક નહીં અને ચીર યુવાવસ્થા સાથે જન્મેલ છું સ્વર્ગનો ફક્ત ભોગ માટે જ છે. તો પછી પ્રયાણની વાતનો વિચાર શો? હું પણ આ ઉન્માદ, ઉલ્લાસમાં આકણ્ઠ ડૂબી જઈશ, સ્વયંને ભૂલી જઇશ.

આ સમયે મારા મનમાં વિચાર આવ્યો ગન્ધિલાવંતી રાજપ્રસાદમાં, મને ગુમાવતાં નીરવ શાંતિ વ્યાપી હશે આજે ત્યાં ક્રીડા પર્વતો પર સુન્દરીઓ આપના વલય ધ્વનિથી ઉન્માદ મયૂરીને નૃત્ય કરવાનું નહિ શિખવતી હોય આભરણોના ઝંકારથી દિશાઓ ધ્વન્તિ નહિ બની હોય આજે તે પ્રાસાદ શોકમગ્ન સ્તબ્ધ અને શાન્ત હશે ત્યારે જ મારા કાનમાં દુરથી આવતા મધુર સંગીત સાથે વીણા, વિપંચી અને મૃદંગના શબ્દો ગુંજી ઉઠયા સ્થાન સ્થાન પર પણ્ય વિલસીનીઓના નૃત્ય થઇ રહ્યા છે. આજે ગન્ધિલાવતી નગરી નવીન સ્વામીની ઉપલબ્ધીથી આનંદને ઉલ્લાસમાં રત બની ગઇ છે. મારૂં મન ચિંતા–જાળમાં ઉલઝી ગયું વિરહ મિલન વિષાદ અને આનંદ આટલું ચોમેર વેર વિખેર મેં કદી જોયું ન હતું બધું જ મને અર્થહીન લાગ્યું ઉત્સવ જેટલી અર્થહીન તેટલો જ શોક પણ અર્થહીન સમસ્ત વિશ્વ મને અન્ધ–હૃદયહીન યન્ત્રસમુ જણાયું પ્રેમ, પ્યાર, સ્નેહ, કોમલતા, વિષાદ, કરુણા–સર્વે જાણે પોતાના અર્થ ગુમાવી બેઠા છે.

પુષ્પ વૃક્ષોની શેરીમાં થઇને હું આગળ વધ્યો, મારી બાજુમાં નૃત્યકરનારી પાસે ઝલ્લરી હતી. નૂપૂર જોર જોરથી ઝન-ઝન કરતા હતા તે મધુપાનથી મસ્ત હતાં તેમાં શંકા ન હતી હું પણ મધુપાન કરી મસ્ત બનું નહિતર પૃથ્વીની વેદના હું ભૂલી શકીશ નહિ બધુંજ ભુલવું પડશે વિસ્મૃત કરવું પડશે આ વિચાર આવતાં જ એક ઉદ્ધત યૌવનાએ મારી પાસે આવી સભાનું સુધાપૂર્ણ પાત્ર હોઠ પર લગાવી દીધું મેં તદ્દન ખાલી કરી નાખ્યું ફરી બીજી બાજુ પાત્ર અને અને તે પણ ખલાસ. (ક્રમશઃ)

"તિથ્ય યરના સૌજન્યથી"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॐ ० ॐ શાંત સુધારસ ॐ ० ॐ

રચયિતા–ઉપા. શ્રી વિનયવિજયજી મ.
વિવેચક–પૂ. પં. શ્રી અભયસાગરગણિવર શિષ્ય મુનિશ્રી રવીન્દ્રસાગરજી મ.

[ભવ વનમાં ભૂલા ભટકતા ભવ્યજીવોને આશ્વાસન અને સાન્તવન દ્વારા સમાધિ પ્રાપ્ત કરવી અનુક્રમે મોક્ષનગરમાં પહોંચાડનાર માર્ગદર્શક-ભોમિયા તુલ્ય અનિત્યત્વાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના સ્વરૂપ શ્રી શાંત સુધારસ ગ્રંથ]

## અનિત્ય ભાવના

ગેયાષ્ટકની પ્રથમ ગાથામાં આયુષ્યની ક્ષણભંગુરતા દર્શાવ્યા બાદ બીજી ગાથામાં વિષય સુખનું ક્ષણિકત્વ દર્શાવ્યું. ત્યાર બાદ ત્રીજી ગાથામાં યૌવનની કુટિલતાની વિચારણામાં દેવાર્દ્ધગણિ ક્ષમાશ્રમણની વાત આપણે વિચારીએ

હરિણૈગમેષી દેવ પોતાના વિમાનમાં ઉત્પાત શય્યા ઉપર શિલાલેખ લખ્યા બાદ નિશ્ચિંત બની જિનેશ્વર પ્રભુના દર્શન પૂજન અને સ્તવના કરતાં શેષ આયુ: પૂર્ણ કરી સમાધિ પૂર્વક ચ્યવન પામીને આ જ જંબુદ્વીપના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં આર્ય દેશમાં ઠાકોરને ત્યાં જન્મ લીધો.

ઠાકોર એ જાતિથી અનાર્ય છે. કેમકે ત્યાં જિન-શાસનના સંસ્કારો મળે એ વાત અસંભવિત હતી. બાલ્યકાળ વિતાવ્યા બાદ જ્યારે યૌવનાભિમુખ થયો ત્યારે ખરાબ-વ્યસની મિત્રોની સોબતથી જુગાર-મદિરા માંસ આદિના વ્યસનમાં ફસાયો.

માત-પિતા વડિલ જનોએ ઘણોય સમજાવ્યો પણ સન્માર્ગ તરફ ન જ વળ્યો. ધનની તો કોઇ ઉણપ હતી જ નહિ તેથી યથેચ્છ ધન પિતા પાસે મેળવતો વધુને વધુ વ્યસનોમાં મસ્ત બનતો ગયો.

આ તરફ દેવલોકમાં હરિણૈગમેષી દેવના ચ્યવન બાદ કોઇક પુણ્યાત્મા દેવ તરીકે તેનાજ સ્થાને ઉત્પન્ન થયો. સેવક દેવ-દેવીઓએ "જય જય નંદા" "જય જય ભદ્દા" ના મંગલ ઘોષ પૂર્વક નવા દેવનું સ્વાગત કર્યું. નવીન દેવ પણ ઉત્પાત શય્યામાંથી ઉઠીને ચોતરફ નિહાળે છે. આશ્ચર્ય મુગ્ધ બની સેવક દેવોના મુજરાને સ્વીકારતો એમ જાણે છે કે હું હવે દેવગતિમાં દેવ બનેલ છું.

સેવક દેવો પણ હાથ જોડી નમ્ર વદને ઉચિત કાર્ય માટે પ્રાર્થના કરે છે. તે સમયે નવીન હરિણૈગમેષી દેવની દૃષ્ટિ ઉપરના ભારવટ ઉપર ગઈ, સાવધાન બની વાંચે છે. વાંચતા વાંચતા ખૂબ જ ઉંડા વિચારમાં ઉતરી ગયા. ચ્યવન પામેલ દેવની વાત કાર્યગત કેવી રીતે થાય, ઉહાપોહ કરતાં અવધિજ્ઞાન-દર્શનના પ્રયોગથી જાણ્યું અને જોયું કે- જે પુણ્યાત્મા મને શરતથી બાંધી ગયેલ છે. શુભ ભાવનાની તીવ્ર ઉત્કંઠા હોવા છતાં આ પુણ્યાત્મા અત્યારે મનુષ્ય ગતિમાં આર્યદેશમાં ઉત્પન્ન થવા છતાં ફૂતરાને ખાંડવા તુલ્ય વિષય સુખ માટે અનાર્યાચરણ કરી રહેલ છે. મારી ફરજ છે કે-સર્વ કાર્યોને તજીને સર્વ પ્રથમ પુણ્યાત્માની પુણ્ય ઈચ્છાને પુર્ણ કરવી.

તુર્ત તે હરિણૈગમેષી દેવ ઉત્તર વૈક્રિય શરીર કરી તિર્યગ્લોકમાં જ્યાં તે પુણ્યાત્મા ઉત્પન્ન થયેલ ત્યાં આવે છે. અનાર્યાચરણને તજીને આર્યોચિત આચરણ માટે પ્રેરણા કરે છે અને સવિશેષ કહે છે કે સુખના અર્થી પુણ્યાત્માએ જિનેશ્વરની આજ્ઞાનું સંપૂર્ણ પાલન કરવું જોઇએ અને તે માટે સર્વવિરતિ ચારિત્ર-દીક્ષાનો સાદર સ્વીકાર કરો.

ઠાકોર પુ. દેવર્દ્ધિ બોલ્યા કે-ભાઇ, હમણાં તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડા મોજ-શોખ કરવા દે, પછી તમે કહેશો તેમ કરીશ.

દેવતાએ ઘણુંએ સમજાવ્યું પણ દેવર્દ્ધિ એક બે ન થયો. આખરે દેવે ચિંતવ્યું કે ઠીક છે. થોડા વખત બાદ પુનઃ આવીશ એમ ચિંતવી દેવ અંતર્ધાન અદૃશ્ય થયા.

આ તરફ યૌવનવયારૂઢ દેવર્દ્ધિકુમારના માતા-પિતાએ કુલીન કન્યા સાથે વિવાહ કર્યા. દેવર્દ્ધિકુમાર અર્ધાંગનાની માયા જાળમાં એવો તો ફસાયો કે રાત-દિવસ પત્નીનું જ સ્મરણ, સાથે સાથે કુમિત્રોની સોબતના વ્યસને તો ચાલુ જ રહ્યા.

કેટલાક કાળ વીત્યા બાદ પુનઃ હરિણૈગમેષી દેવ તિર્ચ્છાલોકમાં દેવર્દ્ધિકુમાર પાસે આવે છે અને મહાવ્રત દીક્ષા લેવા સમજાવે છે. અને કહ્યું કે- તમોએ જ દેવલોકથી ચ્યવન વેળા શિલાલેખ લખેલ કે- "મારા સ્થાને ઉત્પન્ન થનાર દેવે મને પ્રતિબોધ કરી દીક્ષા અપાવવી." માટે હવે વિલંબ ન કરો, ગુરૂદેવ પાસે ચાલો અને સર્વવિરતિ દીક્ષા સ્વીકારો.

દેવર્દ્ધિકુમાર કહે છે કે- ભાઇ! તમારી વાત સાચી છે પણ હજુ તો હમણાં જ લગ્ન થયા છે. માટે હજુ થોડા દિવસ સંસાર સુખો ભોગવી લઉં. પછી તમે કહેશો તેમ કરીશ!!!

દેવ કહે છે કે- ભાઈ! સંસારમાં વાસ્તવિક રીતે જરા પણ સુખ નથી. કેવલ સુખાભાસ જ છે માટે આ સંસારના વિષયજન્ય ક્ષણિક સુખની પાછળ મનુષ્યભવને હાર નહિં, કેમકે આયુષ્યનો કોઇ જ ભરેસો નથી, માટે ચલો! ગુરૂદેવ પાસે જઇએ!

દેવર્દ્ધિ કહે કે- ના! હમણાં નહિં બે પાંચ વર્ષ પછી આવજો!!!

દેવતાએ ચિંતવ્યું કે- વાસ્તવમાં મોહનું સામ્રાજ્ય કેવું વિચિત્ર અને ગુંચ જાલ યુક્ત છે કે જેમાં એક વાર સહે પણ ફસાયેલ વ્યક્તિ દિગ્મૂઢ થઇ જવાના કારણે સાચો રસ્તો શોધી શકતો જ નથી. માયા જાળમાંથી છુટી શકતો જ નથી પણ ઉલટો તે જાળમાં વધુને વધુ ફસાતો જ જાય છે.

માટે જ પૂ॰ ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સા૦ કહે છે કે- "તેન બત પરવશા-પરવશા હતધિયઃ કટુકમિહ કિં ન કલયંતિ કષ્ટં?"

પરવશા = સ્ત્રી થી પરવશ થવાના કારણે નામ પામી છે. સદ્બુદ્ધિ જેઓની એવા વિપર્યાસક્ત જીવો આ સંસારના કડવા ફળને કળી શકતા જ નથી.

દેવ પુનઃ પોતાના વિમાનમાં આવે છે અને સ્વોચિત જિનેન્દ્ર પૂજા-સ્તવનાદિ કાર્ય કરે છે.

અને ચિંતવે છે કે- મોહનીયની જાળની ગુંચ ઉકેલી ઉકેલાય તેમ નથી. તેના ઉપર તો જે કાતર મુકે તે જ છુટી શકે અન્યથા છુટવું અસંભવ છે. તો હવે મારે પણ જો દેવર્દ્ધિ ન માને તો ગમે તે પણ ઉપાયે દેવર્દ્ધિને દીક્ષા અપાવવી જરૂરી છે અનન્યથા અમારો બન્નો સંસાર વધશે.

કર્યો છે દૃઢ સંકલ્પ જેણે એવા તે દેવ દેવર્દ્ધિકુમાર પાસે આવે છે તે સમયે દેવર્દ્ધિકુમાર નગર બહાર ઉદ્યાનમાં મિત્રો સાથે ક્રીડા કરી રહેલ હતો દેવ સુંદર અશ્વ લઇને તેઓની સમક્ષ હાજર થાય છે પરસ્પર પૃચ્છા બાદ દેવર્દ્ધિકુમારને અશ્વ ખેલવાની ઉત્કંઠા થઇ અને કહ્યું કે- આ તમારો અશ્વ મને ખેલવવા આપો!?!

દેવતાએ પણ ચિંતવ્યું કે, આ અવસર ચૂકવા જેવો નથી, તુર્ત દેવર્દ્ધિકુમારને અશ્વ આપ્યો. દેવર્દ્ધિ પણ અશ્વ ઉપર આરૂઢ થઇને અશ્વ ખેલાવે છે. એમ કરતાં કરતાં થોડી વારમાં તે અશ્વ વાયુ વેગે દોડયો અને દૂર સુદૂર નિર્જન વનમાં જઇને ઉભો રહ્યો.

ભૂખ્યા અને તરસ્યો દેવર્દ્ધિકુમાર ચોતરફ નિહાળે છે તો કયાંય પાણીનું સરોવર કે ફળ યુક્ત વૃક્ષ દેખાયા જ નહિં ભૂખ અને તરસની પીડથી પ્રાણ કંઠે આવેલ છે.

નિરાધાર-શરણહીન દશામાં જ્યારે દેવર્દ્ધિ કિંકર્તવ્યમૂઢ બન્યો ત્યારે તે દેવ પ્રત્યક્ષ થઇને કહે છે કે, જો તમે સ્વેચ્છાએ સર્વવિરતિચારિત્ર દીક્ષા સ્વીકારો તો તમોને તમારા ગામ પાસે પહોંચાડું.

દેવર્દ્ધિકુમારે પણ ચિંતવ્યું કે, એમ કરતાં પણ જો જીવન મળતુ હોય તો સારૂં એમ ચિંતવી કહ્યું કે, "હા! તમે જેમ કહેશો તેમ કરીશ."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુર્ત દેવતાએ દિવ્યશક્તિથી ક્ષણવારમાં ગામના ગોંદરે પહોંચાડયો. યોગાનુયોગ ત્યાં પધારેલા પૂ. આચાર્ય દેવશ્રી પાસે દેવર્દ્ધિકુમારે માત પિતાની અનુમતિ લઇ મહોત્સવ પૂર્વક ચારિત્ર સ્વીકાર્યું અને અનુક્રમે આપણા મહાન્ ઉપકારી **દેવર્દ્ધિગણિક્ષમાક્ષમણ** બન્યા.

હવે ગેયાષ્ટકની ચોથી ગાથામાં પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ. સા. વૃદ્ધાવસ્થામાં થનારા અવિવેકી જીવોના સંક્લેશો અને વિકારોને જે રીતે અનુગ્રહ બુદ્ધિએ દર્શાવશે તે આવતા અંકમાં.

**ક્રમશઃ (અપૂર્ણ)**



## વીરવંદન સ્તવન

( રાગ : તુજસે લાખો પ્રણામ )

મહાવીર વીરતાવાળા, તમને લાખો પ્રણામ.
તમને લાખો પ્રણામ. ૧.

જીવદયાની જ્યોતિ જાળવી
અહિંસા કેરી ધૂન જાળવી
શાંતિતણા સમ્રાટ તમને. ૨.

સાગર જેવી શાંતિ તમારી
મેરૂ જેવી ધીરજ ધારી
ક્ષમા તણા ભંડાર તમને. ૩.

ક્રોધ કષાયને મુળથી બાળી
રાગ દ્વેષને જડથી ટાળી
તમે થયા વિતરાગ તમને ૪.

વિશ્વ રુણી છે નાથ તમારૂં
'અમર' જપે છે નામ તમારૂં
ધન્ય ધન્ય અવતાર તમને. ૫.

રચયિતા : **અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**
વરદ્હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

**બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

કિંમત રૂા. ૯-૦૦ (પોસ્ટ ખર્ચ અલગ)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. 31


# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨–પૂર્વ ૩–૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨–૩–૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦–૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦–૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભાક્ત પ્રકરણ–મૂળ | ૧૦–૦૦ |
| જિનદત્તાઆખ્યાન | ૮–૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહ: | ૨–૦૦ |
| શ્રી સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫–૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨–૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧–૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫–૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ | ૧૫–૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ | ૩૫–૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦–૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ:૨ જો | ૮–૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮–૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪–૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩–૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧–૨–૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦–૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ચાર સાધન | ૩–૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮–૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦–૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦–૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦–૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩–૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬–૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧–૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧–૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧–૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩–૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦–૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧–૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩–૦૦ |
| નવપદજીની પૂજા | ૩–૦૦ |
| આચારોપદેશ | ૩–૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨–૦૦ |
| ભક્તિ ભાવના | ૧–૦૦ |
| હું ને મારી બા | ૫–૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦–૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હ. રિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only